ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ००૧. ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સઃ ૨૩૫૦૧૨
E-mail : info@kskvkachchhuniversity.org Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./E C.-Minuets (21) 14th Jun'13 / ૨૦૧૩ –૧૪/ 6 to 16 તા. ૦૨/ ૦૭/'૧૩

પ્રતિ,
ડૉ.ટી.આર.હાથી
માનનીય કાર્યકારી કુલપતિશ્રી,
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,
ભુજ–કચ્છ.

**વિષય :** ગત તારીખ ૧૪મી જુન '૨૦૧૩નાં રોજની એક્ઝિકયુટીવ કાઉન્સિલની યોજાયેલ બેઠકની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને **તારીખ ૧૪મી જુન '૨૦૧૩ના** રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ દ્વિતિય એક્ઝિકયુટીવ કાઉન્સિલની એકવીસમી બેઠકની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**કુલસચિવ**

**બિડાણ :** ઉપર મુજબ.
**નકલ સવિનય રવાના :** માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.

## તારીખ ૧૪મી જુન ૨૦૧૩નાં રોજ બપોરે ૦૪ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની એકવીસમી સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૧૪થી જુન ૨૦૧૩ને શુક્રવારનાં બપોરે ૦૪ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની એકવીસમી બેઠક માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓનાં આવકાર સાથે આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ. | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ.શ્રી ટી.આર. હાથી —અધ્યક્ષશ્રી<br>માનનીય કાર્યકારી કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. —સભ્યશ્રી | ગેર હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. —સભ્યશ્રી<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી પી. એન.દવે. —સભ્યશ્રી<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ. ડી.સી.ધોળકિયા. —સભ્યશ્રી<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. —સભ્યશ્રી<br>પ્રોફેસર, સંસ્કૃત ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | ગેર હાજર |
| ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ. —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ગાંધીધામ—કચ્છ. | હાજર |
| શ્રી નવલસિંહ એમ. જાડેજા. —સભ્યશ્રી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ —કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી જી.એ.બક્ષી. — સેક્રેટરી<br>( કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.) | હાજર |

### ૧. ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :

ગત તારીખ ૪થી જાન્યુ. ૨૦૧૩ના રોજ મળેલ સભાની મિનિટ્સ નોંધના વાંચની વિગતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧ :</u>** **ગત તારીખ ૪થી જાન્યુ. ૨૦૧૩ના રોજની સભાની મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.**

પાના નંબર : ૨ : પર ચાલુ..

Krantiguru Shyamji Krishnavarma Kutch University
Bhuj - Kutch
370001

૨. **યુનિવર્સિટી પરીક્ષા શુધ્ધી સમિતિની ભલામણો બહાલ રાખવા બાબત :**

યુનિવર્સિટી દ્વારા ગત ઓકટો./ નવે.૨૦૧૨ દરમ્યાન લેવામાં આવેલ વિવિધ પરીક્ષાઓ દરમ્યાન નોંધાયેલ અશુધ્ધી તથા ગેરશિસ્તના કોપી કેસના નિવારણ અર્થે યુનિવર્સિટીની પરીક્ષા શુધ્ધિ સમિતિની તા.૦૧/૦૨/'૧૩ના રોજ મળેલ બેઠક તથા તા. ૦૮/૦૨/'૧૩ના રોજ મળેલ સ્થનાનિક સભ્યશ્રીઓની બનેલી પરિક્ષા શુધ્ધની આ સમિતિએ પણ કરેલ ભલામણોને માનનીય કુલપતિશ્રીએ જે તે તારીખની નોંધથી મંજૂર રાખતાં તેની જાણ અંગે નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૨ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, પરીક્ષા શુધ્ધિ સમિતિની તા. ૦૧/૦૨/'૧૩ તથા તા. ૦૮/૦૨/'૧૩ના રોજ મળેલ બેઠકોમા લેવામા આવેલ નિર્ણયોને બહાલ રાખવામા આવે છે.**

૭. **સ્વનિર્ભરતાના ધોરણે ચાલતા અનુસ્નાતક અભ્યાસક્રમોની ફીની રકમમા વધારો કરવા બાબત :**

યુનિવર્સિટી કેમ્પસ પર હાલે ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમો પૈકી એમ.એસસી.–કેમેસ્ટ્રી સિવાયના અન્ય અભ્યાસક્રમો અન્વયેની ફીની રકમમાં કોઈ ફેરફાર ન કરતા, તારીખ ૧૩મી મે' ૨૦૧૧ના રોજની એકિઝકયુટીવ કાઉન્સિલની સભામા ઠરાવ ક્રમાંક : ૫ અને ૬ : દ્વારા જુદા જુદા સ્વનિર્ભર અભ્યાસક્રમની ફી વધારવા તથા નવા સ્વનિર્ભર અભ્યાસક્રમોની ફીના દરો નકકી કરવા માટે એક સમિતિની રચના કરવામા આવેલ હતી. સદર સમિતિની ભલમણો તારીખ ૩૦મી મે' ૨૦૧૧ના રોજની એકિઝકયુટીવ કાઉન્સિલની સભાના ઠરાવ ક્રમાંક : ૨ : દ્વારા,જુના દરો જ ફી વસુલવાનુ ઠરાવવામા આવ્યુ હતુ.વર્તમાન સમયને ઘ્યાને લેતાં, આવા અભ્યાસક્રમો ચલાવવા માટેના ખર્ચને પહોંચી વળવા માટે જે અભ્યાસક્રમોની ફી વર્ષ ૨૦૧૧થી વધારવામા આવેલ નથી તેવા અભ્યાસક્રમોની ફીની રકમ વધારવાની જરૂરિયાતને ઘ્યાને લેતા થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૩ :</u> આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ પર સ્વનિર્ભરતાના ધોરણે ચાલતા અભ્યાસક્રમો પૈકી જે અભ્યાસક્રમો સંબંધિત ફીની રકમમા વધારો થયેલ નથી, તેવા અભ્યાસક્રમોની ફી વધારવા માટે પેટા સમિતિની રચના કરવી અને તેનો અહેવાલ રજૂ કરવો સદર પેટા સમિતિની રચના કરવા માટેની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

પાના નંબર : ૩ : પર ચાલુ..

**૩. તારીખ ૧૪થી જુન ૨૦૧૩ને શુક્રવારનાં રોજ મળેલ દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની એકવીસમી બેઠકની કાર્યસૂચિ બાબત :**

તારીખ ૧૪મી જુન' ૨૦૧૩ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભામા માટે તૈયાર કરવામા આવેલ કાર્યસૂચિ પૈકી કેટલીક બાબતોની ચર્ચા હાથ ધરી શકાય ન હોય તે કાર્યસૂચિ અન્વયે નિર્ણય લેવા બાબતે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૪ :** **આથી સર્વાનુમતે ઠરાવવામા આવે છે કે, તારીખ ૧૪થી જુન ૨૦૧૩ને શુક્રવારનાં રોજ મળેલ દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની વીસમી બેઠકની કાર્યસૂચિ મુજબના ક્રમાંક ૩,૪,૬,૮,૯,૧૦,૧૧,૧૨,૧૩ અને ૧૪ માટે યોગ્ય નિર્ણય લેવા માટે આગામી સભામા ચર્ચા વિચારણા હાથ ધરવી.**

**૧૫. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...**

અધ્યક્ષ સ્થાનેથી કોઈ રજૂઆત થયેલ નહી...

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

ઈ/ચા.કુલસચિવશ્રી
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી
ભુજ-કચ્છ.

Krantiguru Shyamji Krishnavarma Kutch University Bhuj - Kutch 370001

## સ્વનિર્ભર પ્રોગ્રામ્સના સંચાલન માટેના સુચિત નિયમો

સ્વનિર્ભર અભ્યાસક્રમો બધી જ યુનિવર્સિટીઓમાં ચાલે છે ત્યાં તેના સંચાલન અંગે સ્વતંત્ર નિયમો અને જવાબદારીઓ નિશ્ચિત કરવામાં આવેલ છે. હાલમાં આપણી યુનિવર્સિટીમાં આ અંગે કોઈ જ અલગ નિયમો નથી. સ્વનિર્ભર પ્રોગ્રામોની આવકનુ ખાતુ અલગ છે પણ તે ભંડોળનો ઉપયોગ સામાન્ય સંચાલનમાં પણ કરવામાં આવે છે જેના પરીણામે સ્વનિર્ભર પ્રોગ્રામનુ સંચાલન કરનારને કોઈ જ પ્રકારનુ પ્રોત્સાહન નથી અને જે તે વિભાગના વિકાસને માટે સ્વાયતતા નથી. જો લાંબાગાળા સુધી સ્વનિર્ભર પ્રોગ્રામને યશસ્વી રીતે ચલાવવા હોય તો તે અંગે અલગ નિયમો અને જવાબદારીઓ મુકરર કરવા જરૂરી છે. જે સંદર્ભે કેટલાક સુચિત નિયમો રજુ કરેલ છે જે પૈકી એક્ઝિક્યુટીવ કાઉન્સીલ યોગ્ય વિચારણાના અંતે નિર્ણય લે તે જરૂરી છે.

### વિભાગ ૧ સામાન્ય નિયમો

1. કોઈપણ સ્વનિર્ભર પ્રોગ્રામના નાણાકિય સંચાલન માટે અલગ ખાતુ ખોલવામાં આવે જે ખાતાનો વહિવટ કુલસચિલશ્રી અને ડિપાર્ટમેન્ટના અધ્યક્ષશ્રીની સંયુકત સહિથી થાય.
2. ડિપાર્ટમેન્ટના પ્રવેશ અંગેના નિયમો તથા પ્રવેશ કાર્યવાહિની સંપૂર્ણ જવાબદારી ડિપાર્ટમેન્ટના અધ્યક્ષશ્રીની રહે અને સરકારશ્રી તથા યુનિવર્સિટીના મૂળભૂત નિયમોમાં કોઈ બાંધછોડ થાય નહી અને કુલસચિવશ્રીના ધ્યાને તે કાર્યવાહિ મુકવાની રહેશે.
3. ડિપાર્ટમેન્ટના શિક્ષણપરીક્ષણની સંપૂર્ણ જવાબદારી વિભાગીય અધ્યક્ષની રહેશે અને ચોકકસ સંજોગોમાં જરૂર પડયે કુલસચિવશ્રીના માર્ગદર્શનને આધીન નિર્ણય લેવામાં આવે.

### વિભાગ ૨ નાણાકિય સંચાલન

1. સ્વનિર્ભર અભ્યાસક્રમોની ફી ઉપરાંત જે કઈપણ આવક થાય તેના સંચાલનમાં સ્વાયતતા અને જવાબદારી નિયત કરવા માટે નીચેના પૈકસ કોઈપણ એક મોડયુલનો નિર્ણય લેવો જોઈએ.

   જો સ્વનિર્ભર વિભાગને જવાબદારીનો બોજ વધુ આપવામાં આવે તો આવકના સંચાલનમાં વપરાશ અંગેની સ્વાયતતાનુ પ્રમાણ પણ આપવુ ઘટે. જે અનુસંધાને નીચેના મોડયુઅલ વિચારી શકાય

   એ) કુલ આવકના ૭૫% વિભાગના ખાતમાં અને ૨૫% યુનિવર્સિટીના ભંડોળમાં જમા કરવાના રહે. આ ૭૫% રકમ જે વિભાગ હસ્તક રહે તેમા વપરાશ અંગે ગુણોત્તર વિભાજન નીચે મુજબ કરી શકાય

   ૬૨% અધ્યાપકો તથા બીનશૈક્ષણિકના વેતન પાછળ,

   ૩% નિયામકશ્રીનુ માનદ મહેનતાણુ,

   ૮% ગ્રથાલય,

બી) જો વિભાગને કુલ આવકનો ૭૦% ભંડોળ વપરાશ અર્થે સોંપવામાં આવે તો તે ૭૦% રકમનો ઉપયોગ નીચે પ્રમાણે રહેશે.

૬૨% અધ્યાપકો તથા બીનશૈક્ષણિકના વેતન પાછળ,

૦૩% નિયામકશ્રીનુ માનદ મહેનતાણુ,

૦૮% ગ્રથાલય,

૦૭%પરંમત તથા નિભાવ,

૧૫% વિભાગીય વિકાસ,

૦૫% પરચુરચ.

સી) દરવર્ષે નાણાકિય વર્ષના અંતે સ્વનિર્ભર વિભાગના નાણાકિય સંચાલનનુ યુનિવર્સિટી દ્વારા ઇન્ટરનલ ઓડિટ કરવામાં આવે અને આ ઈન્ટરનલ ઓડિટના આધારે ડિપાર્ટમેન્ટને કુલસચિવશ્રી દ્વારા સુચન માર્ગદર્શન કરવામાં આવે અને તેની કામગીરીનો અહેવાલ એકિઝકયુટીવ કાઉન્સિલમાં મુકવામાં આવે.

**વિભાગ ૩ સામાન્ય વહિવટ**

સ્વનિર્ભર પ્રોગ્રામના અધ્યાપકોને પ્રાપ્ય વેતનનુ માળખુ નકકી કરવા બાબતે વિભાગીય અધ્યક્ષ સહિત કુલ ત્રણ સભ્યોની એક સમિતિ નિમવામાં આવે જે સમિતિમાં વિભાગીય અધ્યક્ષ સીવાય બહારની યુનિવર્સિટીમાંથી પ્રોફેસરથી નીચેનો હોદો ધરાવતા ન હોય તેવા પ્રનિતિધિ નકકી કરવામાં આવે અને અન્ય એક પ્રતિનિધી યુનિવર્સિટીના અન્ય વિભાગમાંથી પ્રોફેસરથી નીચેનો હોદો ધરાવતા ન હોય તેવા પ્રનિતિધિ કુલપતિશ્રી નકકી કરે તે દર વર્ષે પ્રથમ સત્ર પ્રારંભ થાય તે પહેલા અભ્યાપકોની શિક્ષણ પરીક્ષણ અંગેની કાર્યવાહિના ફિડબેકના આધારે દર વર્ષે અધ્યાપકોને કેટલા પ્રમાણમાં વેતનમાં સુધારો વધારો કરવો જોઈએ તેના દરની ભલામણ લેખીતમાં કુલસચિવશ્રીને આપે અને એકિઝકયુટીવ કાઉન્સીલમાં માન્ય કરવામાં આવે તે પ્રમાણે મહેનતાણામાં ફેરફારો કરવાના રહે.

કોઈપણ તબકકે કોઈપણ મુદે જો સ્વનિર્ભર પ્રોગ્રામના સંચાલન સંબંધે કે વિભાગીય અધ્યક્ષ સંબંધે લેખીતમાં રજુઆત કરવામાં આવે તો તે બાબતે પરતી તપાસ કરીને યોગ્ય નિર્ણય લેવાનો અધિકાર માનનિય કુલપતિશ્રીનો અબાધિત રહે છે અને તેનો અમલ આખરી ગણાશે.

સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે શૈક્ષણિક સ્ટાફની ભરતી ૧૧ માસના કરાર આધારિત માસિક ફિકસ વેતનથી ભરવામા આવે અને આ કરારની સમય મર્યાદા પૂરી થયા પછી ફરીથી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

ઇ./ચા. કુલસચિવશ્રી
કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી